મોડાસા બહેરા-મૂંગાની શાળામાં વાળંદ યુવાનોની શ્રમદાનની અનોખી સેવા

મોડાસા, તા. ૧૨

મોડાસા શહેરમાં લાયન્સ સોસાયટી સંચાલિત બેરા-મૂંગા શાળામાં જીલ્લા સહીત આજુબાજુના જીલ્લામાંથી મોટી સંખ્યામાં જરૂરિયાત મંદ અને ગરીબ બાળકો અભ્યાસ કરી રહ્યા છે મોડાસા શહેર અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા વાળંદ યુવાનો દ્વારા ૧૫ ઓગસ્ટ અને ૨૬ જાન્યુઆરી પહેલા શાળામાં અભ્યાસ કરતા બાળકો ને આધુનિક હેર સ્ટાઈલ કરી આપી શ્રમદાન આપી રહ્યા છે. આજે આ યુવા ગ્રુપ દ્વારા શાળાના ૧૪૨ દિવ્યાંગ બાળકોને અવનવી અને લેટેસ્ટ હેર સ્ટાઈલ વાળ કાપી અપાતા બાળકો ખુશી થી જુમી ઉઠ્યા હતા અવનવી હેર સ્ટાઈલ કરી આપનાર બાળકોએ અને લાયન્સ ક્લબ સોસાયટીના અને મોડાસા નાગરિક બેંકના ચેરમેન કમલેશ ભાઈ પટેલ અને કિરીટ સુથારે તમામ કેશ કલા પ્રેમી યુવાનોનો આભાર માન્યો હતો.કમલેશ પટેલે યુવાનોના શ્રમદાન ને બિરદાવ્યો હતો.

શામળાજીના દેવની મોરી ગામે ખૂંખાર દીપડાને પાંજરે પુરવામાં વન વિભાગને સફળતા

શામળાજી, તા. ૧૨

અરવલ્લી ની ગીરીમાળાઓમાં અનેક વન્ય જીવો વસવાટ કરી રહ્યા છે શામળાજી-ભિલોડા પંથકમાં ડુંગરાળ વિસ્તારોમાં ખૂંખાર દીપડાનો વસવાટ હોવાનો અને પશુઓનું મારણ કરવા સહીત વનતંત્ર દ્વારા પોજરે પણ પુરવામાં આવ્યો હોવાની ઘટનાઓ બની હતી ભિલોડા-શામળાજી પંથકમાં અવારનવાર દીપડાની પ્રજાતિ લટાર મારતી હોવાની અને ખેતરોના સીમાડા વટાવી ગ્રામ્ય વિસ્તારોમાં આંટા-ફેરા મારતા ખેડૂતો અને પ્રજાજનો દહેશત હજુ પણ યથાવત છે ત્યારે શામળાજી નજીક આવેલા દેવની મોરી ગામે દીપડાએ બે દિવસ પહેલા પશુનું મારણ કરતા પશુપાલકો અને ખેડૂતોમાં ફડડટ વ્યાપ્યો હતો આ અંગે વનતંત્રને રજુઆત કરતા વનતંત્ર વિભાગ દ્વારા સતર્કતા દાખવી દીપડો ખુવારી કરે તે પહેલા દેવની મોરી ગામે રહેણાંક વિસ્તારમાં ઘર ની પાછળ પાંજરામાં મારણ મૂકી પાંજરે પુરાવામાં સફળતા મળતા ખૂંખાર દીપડો પાંજરે પૂરતા સમગ્ર પંથકના પશુપાલકોએ ખુડૂતોએ સહીત લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો

સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી પંથકમાં દીપડાએ હાજરી નોંધાવતા સમગ્ર પંથકમાં ભારે ફફડાટ ફેલાયો હતો શામળાજી નજીક આવેલા દેવની મોરી ગામે બે દિવસ અગાઉ દીપડો ત્રાટક્યો હતો અને એક પશુનું મારણ કરી ફરાર થઈ જતા ગામ માં દીપડાની હાજરીથી ભારે દેહસત પેદા થતા દીપડો વધુ હાહાકાર મચાવે તે પહેલા વનવિભાગ તંત્રને જાણ કરતા આરએફઓ આર.વી પટેલ,ફોરેસ્ટર પુજારા,જગદીશ ખરાડી અને વનકર્મચારીઓની

ટિમ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથધરી દીપડાની હાજરી હોવાનું જણાતા ગામના રાજેન્દ્રસિંહ ના ઘર પાછળ પાંજરામાં મારણ રાખી પાંજરું મુકવામાં આવતા દીપડો મારણ કરવા જતા પાંજરે પુરાતા વનવિભાગ તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો દીપડો પાંજરે પુરાતા ભુરાટો બની ત્રાડો પાડતા વાતાવરણ ત્રાડો થી ગુંજી ઉઠી હતી

દીપડો પાંજરે પુરાતા લોકોના ટોળે ટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા અને હાશકારો અનુભવ્યો હતો વનવિભાગ તંત્ર દ્વારા દીપડાને સહી સલામત રીતે જંગલમાં યોગ્ય સ્થળે છોડી મુકવા માટે તજવીજ હાથધરી હતી

અરવલ્લી જીલ્લામાં ખૂંખાર દીપડાની પ્રજાતિનો વસવાટ હોવાનો અને અરવલ્લીની ગિરિમાળાઓ નજીકના ગ્રામ્ય વિસ્તારોમાં લટાર મારતો હોવાની અનેક ચર્ચાઓ વચ્ચે દીપડાએ ફરી દેખા દેતા ભિલોડા-શામળાજી પંથકના ડુંગરાળ વિસ્તારમાં દીપડાની વસ્તી વધી રહી હોવાની લોકમુખે ચર્ચા થતા વનવિભાગ તંત્ર દ્વારા શામળાજી-ભિલોડા પંથકમાં દીપડાની ગણતરી કરવામાં આવે અને દીપડાના વસવાટ ધરાવતા જંગલ વિસ્તારને આરક્ષિત કરવામાં આવે ની માંગ લોકોએ કરી હતી જેથી ભવિષ્યમાં જાનહાની ટાળી શકાય.

ભિલોડા તાલુકામાં શ્રાવણ માસના પ્રારંભે ઝરમરીયો વરસાદ

ભિલોડા તાલુકામાં મેઘરાજાએ લાંબાગાળાનો વિરામ લીધા બાદ પવિત્ર પાવન શ્રાવણ માસના શુભારંભે મેઘરાજા જાણે કે મહેરબાન થયા હોય તેવી રીતે ઝરઝર-ઝરઝર શ્રાવણીયા સરવરીયાનો શુભારંભ કર્યો હતો.જાણે કે જળાભિષેક થઈ રહ્યો હોય તેવા દશ્યો જોવા મળી રહ્યા હતા. મુરઝાતા ખેતીના વિવિધ પાકોને જીવતદાન મળતાં ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી હતી.વાતાવરણમાં આહ્લાદક ઠંડકનો અહેસાસ પ્રજાજનોને થઈ રહ્યો હતો.

શામળાજી પોલીસે ટ્રક-ટ્રેલરમાંથી ૨૧.૫૧ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો : ૨ શખ્સ ફરાર

શામળાજી, તા. ૧૨

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે દારૂબંધીની કડક અમલવારી કરવાના અને જીલ્લાની સરહદો પરથી ગેરકાયદેસર દારૂ ઘુસાડાતો અટકાવવા શખ્ત કાર્યવાહીના આદેશના પગલે શામળાજી પોલીસે રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરાતા વિદેશી દારૂ ઝડપાવવાનો સિલસિલો બીજે દિવસે પણ યથાવત રહ્યો હતો.

શામળાજી પોલીસે અણસોલ ગામની સીમ માં પોલીસ પેટ્રોલિંગ જોઈ ટ્રક-ટ્રેલર નો ચાલક અને ક્લીનર ટ્રક રોડ બાજુ રાખી ફરાર થઈ જતા પોલીસે ટ્રક-ટ્રેલર(ગાડી.નં.-RJ 27 GA 5334) માં સોફ્ટ સ્ટોન પાવડરની થેલીઓ હટાવતા પાછળના ભાગે થી ગેરકાયદેસર વગર પાસ પરમીટ ની વિદેશી દારૂની બોટલો નંગ- ૮૯૧૬ જેની રૂ.૨૧, ૫૧, ૬૦૦/- જપ્ત કરી ટ્રક-ટ્રેલર રૂ.૧૦, ૦૦, ૦૦૦/- મળી કુલ રૂ.૩૧,

૫૧, ૬૦૦/- નો મુદ્દામાલ ઝડપી ફરાર ટ્રક ચાલક અને ક્લીનર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી બંને આરોપીઓને ઝડપી પાડવા ચકો ગતિમાન કર્યા હતા.

મોડાસા સહયોગ બાયપાસ ચોકડી નજીક

બાઈક પર થેલામાં વિદેશી દારૂ સાથે બુટલેગરો રોડ પર પટકાયા

મોડાસા, ૧૨

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદ પર થી સ્થાનિક, રાજ્યના અને પર પ્રાંતીય નાના-મોટા બુટલેગરો કદ પ્રમાણે નિતનવા નુસખા અપનાવી નાના-મોટા વાહનો મારફતે ગુજરાતમાં દારૂબંધીના કાયદાનો ફાયદો ઉઠાવી નાણા રળવા સતત વિદેશી દારૂ ઘુસાડવા મથામણ કરતા રહે છે મોડાસા સહયોગ બાયપાસ ચોકડી નજીક મેઘરજ બાયપાસ ચોકડી તરફથી બાઈક પર થેલામાં વિદેશી દારૂ ભરી પસાર થતા બુટલેગરોનો પીછો કરતી પોલીસ થી બચવા બાઈક પુરઝડપે હંકારતા બુટલેગરોને રોડ પરનો બમ્પ ન દેખાતા બુટલેગરો બાઈક સાથે રોડ પર પટકાતા અકસ્માતના પગલે આજુબાજુમાંથી દોડી આવેલા લોકોએ થેલામાં વિદેશી દારૂનો

જથ્થો ભરેલ જોતા અચંબિત બન્યા હતા પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચતા ઈજાગ્રત બુટલેગરને સારવાર અર્થે એમ્બ્યુલન્સ મારફતે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયો હતો અન્ય બુટલેગર ફરાર થઈ ગયો હતો મોડાસા ટાઉન પોલીસ ૭૫૦૦ રૂ./- નો વિદેશી દારૂ જપ્ત કરી ફરાર બાઈક ચાલક સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર,શનિવારે રાત્રીના ૮ વાગ્યાના સુમારે મોડાસા સહયોગ બાયપાસ ચોકડી નજીક મેઘરજ તરફથી બાઈક પર બે બુટલેગરો વિદેશી દારૂના જથ્થા સાથે પસાર થતા સાદા કપડામાં પોલીસે બાઈક પર પીછો કરતા પોલીસ થી બચવા પૂર ઝડપે બાઈક હંકારતા બમ્પ ન દેખાતા બંને બુટલેગરો રોડ પર પટકાતા એક બુટલેગર ફરાર થઈ ગયો હતો અન્ય ઈજાગ્રસ્ત બુટલેગર સ્થળ પર પડી રહ્યો હતો અને બાઈક પર રહેલા થેલામાંથી વિદેશી દારૂની બોટલો પણ રોડ પર ઠલવાઈ હતી અકસ્માતના પગલે લોકો દોડી આવ્યા હતા બીજીબાજુ બુટલેગરોનો પીછો કરતી પોલીસ પણ પહોંચતા ઈજાગ્રસ્ત બુટલેગરને એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે દવાખાને ખસેડી પોલીસે થેલો કબ્જે લીધો હતો મોડાસા ટાઉન પોલીસે થેલામાંથી ૧૫ બોટલ જપ્ત કરી ૭૫૦૦ નો વિદેશી દારૂ અને બાઈક ની કીં.રૂ.૩૦૦૦૦/- મળી કુલ રૂ.૭૫૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર બાઈક ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હોનોધી ઝડપી પાડવા ચકો ગતિમાન કર્યા હતા.

ખેડબ્રહ્મા પોલીસે જુગાર રમતા ૪ મહિલા સાથે ૬ ઝડપી પડ્યા

ખેડબ્રહ્મા શહેરમાં દારૂ અને. જુગારની બદી સામે પોલીસે લાલ આંખ કારી છે. અને સઘન પેટ્રોલિંગ કરતા પોલિસના હાથે ૬ ઝડપાયા હતા ખેડબ્રહ્મા પી.એસ.આઈ. એ.ડી.પરમાર તથા સ્ટાફ શનિવારે પેટ્રોલિંગ કરી રહયા હતા ત્યાતે. બાતમી મળી હતી કે ૫૮ વિસ્તારમાં કેટલાક સ્ત્રી- પુરુશો ડુંગર પાસે ખુલ્લી જગ્યામાં તીન પત્તિ નો જુગાર રમી રહ્યા છે. તેથી પોલીસ કોન્સ્ટેબલ મગનભાઈ, મહિલા પોલીસ રમીલાબેન, રાધાબેન વિગેરે બાતમી વળી જગ્યા ઉપર રેઇડ કરતા સ્થળ ઉપર વિક્રમભાઈ કાંતિભાઈ વસાવા, નિલેશભાઈ બાબુભાઈ વસાવા, રમીલાબેન લાવઘનભાઈ વસાવા, લક્ષમી બેન હરેશભાઈ વસાવા, રમીલાબેન શાંતિલાલ વસાવા, શાંતાબેન ગાંપતભાઈ વસાવા તમામ રહે ૫૮ વિસ્તાર, ખેડબ્રહ્મા માલી આવતા તેમની તાપસ કરતા ૨૭૦૦ રૂપિયા રોકડા અને જુગાર રમવાના પત્તાં મળી આવતા તેમના વિરુદ્ધ જુગાર ધારા મુજબ ગુન્હો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિર સુવર્ણ ધ્વજદંડ અને શિખરથી સુશોભિત

શામળાજી, તા. ૧૨

અરવલ્લી જીલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરમાં પવિત્ર શ્રાવણ માસ ના પ્રથમ દિવસે થોડા દિવસો અગાઉ મંદિર પરિસરમાં યોજાયેલ વિષ્ણુ યાગના યજમાન સુરતના રવિભાઈ

ઝરીવાલા, કનુભાઈ નડિયાદ અને લીંબાસી ભક્ત ગ્રુપ દ્વારા શામળાજી મંદિરમાં સુવર્ણ ધ્વજ દંડ અને સુવર્ણ શિખર થી સુશોભિત કરવાનો સંકલ્પ કરાયો હતો અને તે પ્રમાણે મંદિરમાં ટ્રસ્ટીઓની ઉપસ્થિતિમાં ૬૦૦ ગ્રામ સોનુ ભગવાન કાળીયા ઠાકોરના ચરણોમાં અર્પણ કરાતા પાદરા અને નડિયાદના ખાસ કારીગરો દ્વારા સુવર્ણ ધ્વજ દંડ અને સુવર્ણ શિખરનું નિર્માણ કરાતા રવિવારે પવિત્ર શ્રાવણ માસના પ્રથમ દિવસે મંદિર પર સુવર્ણ ધ્વજ દંડ અને સુવર્ણ શિખર ચઢાવી સુશોભિત કરાયું હતું. આ પ્રસંગે મંદિરના ટ્રસ્ટી મહેશ ઉપાધ્યાય (યેવલા બીડીવાળા), અનિલ પટેલ અને રણવીર સિંહ ડાભી સહીત ભક્તજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જુના ભવનાથ સ્વયંભુ ભુવનેશ્વર મહાદેવે પાવન શ્રાવણ માસના શુભારંભે ભાવિકો ઉમટ્યા

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં આવેલા શિવલયોમાં ભાવિક ભક્તો વહેલી સવારથી જ દર્શનાર્થે ઉમટ્યા હતા.પવિત્ર પાવન શ્રાવણ માસ દરમ્યાન દેવાધિદેવ મહાદેવ ભોળા શિવ શંકર ભગવાનની પુજા,અર્ચના,આરાધનાનું વિશેષ મહત્વ છે.અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ હજ્જારો વર્ષ પૌરાણિક જુના ભવનાથ સ્વયંભુ શ્રી ભુવનેશ્વર મહાદેવ મંદીરમાં પવિત્ર પાવન શ્રાવણ માસના શુભારંભે ભાવિક ભક્તો વહેલી સવારથી જ દર્શનાર્થે ઉમટ્યા હતા.ભુદેવો અને ભાવિક ભક્તોએ શિવલીંગ ઉપર જળ અને દુધનો અભિષેક કરી બીલીપત્ર ચઢાવી ભોળાનાથની પુજા,અર્ચના કરી ધન્યતા અનુભવી હતી.ભિલોડા તાલુકાના હાથમતી જળાશય અને ઈન્દ્રાસી જળાશયની વચ્ચે પ્રકૃતીની ગોદમાં આવેલ સ્વયંભુ શ્રી ભુવનેશ્વર મહાદેવ મંદીર ભાવિક ભક્તો માટે આસ્થાનું પ્રતિક છે.શ્રાવણ માસના શુભારંભે શિવાલયોમાં ઠેર-ઠેર દર્શનાર્થે ભાવિક ભક્તોની ભારે ભીડ ઉમટી હતી.

મોડાસા રત્નદીપ બાલ મંદિર શાળામાં યાદશક્તિ સેમિનાર

મોડાસા, તા. ૧૨

મોડાસા શહેરના શ્રી.સરસ્વતી બાલ મંદિર મંડળ સંચાલિત શ્રી.વી.એસ.શાહ

પ્રાથમિક શાળા અને રત્નદીપ બાલ મંદિર શાળામાં જાયન્ટ્સ ગ્રુપ મોડાસા અને જેસીઆઈ મોડાસાના સંયુકત ઉપકમે શનિવારે યાદ શકિત સેમિનાર યોજાયો હતો.

જેમાં મિશન ફોર યોર સકસેસ હેઠળ પ્રોગ્રામ ટ્રેનિંગ ચલાવતા સ્ટુડન્ટ કોચ એન્ડ મોટિવેશનલ સ્પીકર પદમસિંહ કાનડીયા દ્વારા વિદ્યાર્થીઓ માટે ફ્રી સેમિનાર યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા વિધાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી સામગ્રી ફ્રી આપવમાં આવી હતી. સેમિનારમાં સરસ્વતી બાલ મંદિર મંડળના પ્રમુખ નિલેશભાઈ જોશી, મંત્રી મુકુંદ શાહ, જાયન્ટ્સના પ્રમુખ નિકેશભાઈ પરમાર, જેસીઆઈ પ્રમુખ અલ્પેશ પટેલ, ધર્મેન્દ્ર ત્રિવેદી, જય અમીન, યશ પટેલ સહીત શાળાના શૈક્ષણિક સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા

પંચમહાલમાં જીવલેણ અકસ્માત : એક જ પરિવારના સાત સભ્યોના મોત

પંચમહાલ,તા.૧૨

પંચમહાલ જિલ્લામાં શનિવારે મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં એક પરિવારના સાત સભ્યોના મોત નીપજ્યા છે. મોડી રાત્રે બનેલા આ બનાની જામ થતાં સ્થાનિક લોકો સ્થળ ઉપર પહોંચી ગયા હતા. સાથે સાથે પોલીસ, ફાયર બ્રિગેડ અને ૧૦૮ એમ્બ્યુલન્સની પણ ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. ત્યારબાદ બચાવની કાર્યવાહી હાથધરાઈ હતી. ઘટનાના પગલે બે લોકોની હાલ ગંભીર છે જેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી પ્રમાણે પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા-શિવરાજપુર રોડ ઉપર શનિવારે મોડી રાત્રે એક કાર ખાડા ખાબકી હતી. જેના પગલે કારમાં સરાવર એકજ પરિવારના સાત લોકોના મોત નીપજ્યા હતા. અકસ્માતના પગલે બે લોકોની હાલત ગંભીર હોવાથી તેમને નજીકની હોસ્પિલટમાં ખસેડવામાં આવ્યા છે.

ઘટનાની જાણ થતાં પોલીસ, ફાયર બ્રિગેડ અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ ઘટના સ્થળે પહોંચીને તાબડતોબ બચાવ કામગીરી હાથધરી હતી. બચાવદળે સાત મૃતદેહોને બહાર કાઢ્યા હતા. જ્યારે કાર ચાલક અને એક બાળકીની હાલત ગંભીર હોવાથી સારવાર અર્થે મોકલી આપી હતી. તમામ મૃતકોને પોસ્ટમોર્ટમ માટે જાંબુઘોડા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મોકવામાં આવ્યા હતા.

સુત્રોના જણાવ્યા પ્રમાણે બોડેલીનો ખત્રી પરિવાર પોતાના સંબંધીને હાલોલ ખાતે મળવા ગયો હતો. શનિવારે રાત્રે ત્યાંથી ફરત ફરતી વખતે કાર જાંબુઘોડા-શઈવરાજપુર રોડ પરથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે કારનું ટાયર ફાટતા કાર ચાલકે કાબુ ગુમાવ્યો હતો. જેના પગલે કાર રોડની બાજુમાં આવેલા ખાડામાં ખાબકી હતી.

ખાડામાં પાણી ભરેલું હોવાના કારણે કારમાં સવાર સાત નાના-નાના બાળકોના ઘટના સ્થળે જ મોત નીપજયા હતા. ઉલ્લેખનીય છે કે, આ વિસ્તારના રોડની બાજુમાં ખાડી મોટા મોટા ખાડા હોવાના કારણે અકસમાતનો ભય રહેલો છે.

બોડેલીના ખત્રી પરિવારના સાત બાળકોના મોતને પગલે મુસ્લિમ પરિવારમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.